અરજી નં.૩૭૧ તા.૨૫–૨–૦૯

અરજદાર: માનદમંત્રીશ્રી સ્નેહ સ્મૃતિ કો.ઓ.હા.સોસાયટી લી.,
સામાવાળા: ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)

## *ફરીયાદની હકીકત:–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ માનદમંત્રીશ્રી સ્નેહ સ્મૃતિ કો.ઓ.હા.સોસાયટી લી.,ની તા.૩–૧૨–૦૮ ની અરજીથી સ્નેહસ્મૃતિ કો.ઓ. હાઉસીંગ સોસા. લી. બ.નં.૧૦૫ ની મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૫–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૭૧/૨૦૦૮–૦૯

માનદમંત્રીશ્રી સ્નેહ સ્મૃતિ કો.ઓ.હા.સોસાયટી લી.,ની તા.૩–૧૨–૦૮ ની અરજીથી સ્નેહસ્મૃતિ કો.ઓ. હાઉસીંગ સોસા. લી. બ.નં.૧૦૫ ની મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.આરટીઆઈ/આ/૨૩૯ તા.૨–૧–૦૯ થી આપેલ માહિતી ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૨ તા.૭–૩–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.વેસ્ટઝોન/૩૫૨ તા.૧૭–૩–૦૯ થી પૂરક વિગતો મોકલી આપેલ . જેની સાથે અરજદારની મુળ અરજીની નકલ અરજદારની તા.૧૭–૧૦–૦૮ ની કમિ.શ્રીને સંબોધીને આપેલ ફરીયાદ અંગે કાર્યવાહી કરવા જણાવતી અરજીની નકલ તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને તેમના પત્ર નં.૨૩૯ તા.૨–૧–૦૯ થી પાઠવેલ પત્રની નકલ મોકલવામાં આવેલ છે. જે અનુસાર જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૧ અંગે અરજદારની તા.૧૭–૧૦–૦૮ ની અરજી બાબતે થયેલ કાર્યવાહી નોંધ સહિતની માહિતી પુરેપૂરી પુરી પાડેલ હોય એવું જણાતું નથી. આ મુદ્દા અંગે ૫૫ ચો. વાર જગ્યા ઉપર ગેરકાયદેસર બાંધકામ ઈમ્પેકટ ફી ભરી રેગ્યુલરાઈઝ કરેલું હોવાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૨ અંગે અરજદારે બંગલા નં.૧૦૫ ના કુલ બાંધકામ અંગે મુકવામાં આવેલ પ્લાન તથા પાસ થયેલ પ્લાનની નકલ માંગેલ છે. જેની સામે જાહેર માહિતી અધિકારી ધ્વારા બંગલા નં.૧૦૫ પૈકીની રેગ્યુલરાઈઝ કરાવેલ નકશાની નકલ નિયત ફી ભરપાઈ કર્યેથી આપવા જણાવેલ છે. મુદ્દા નં.૩ અંગે જાહેર માહિતી અધિકારીએ નિયત ફી ભર્યેથી પ્લાન આપવા તૈયારી દર્શાવેલ છે. જયારે મુદ્દા નં.૪ અંગે અરજદારે સદર બાંધકામ રોડ બાજુ ફુટપાટની સાથે કરવામાં આવેલ છે. જેની મંજુરીની નકલ માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે એવુ જણાવવી ક્રમ નં.૨ મુજબ પ્લાનની નકલ મેળવી લેવા જણાવેલ છે.

અરજદારે અપીલના તબકકે લગભગ દિન–૨૪ ના વિલંબથી તા.૨૫–૨–૦૯ ની અરજીથી જણાવેલ છે કે જાહેર માહિતી અધિકારી ધ્વારા બંગલા નં.૧૦૫ ના વધારાના બાંધકામનો રિવાઈઝ પ્લાન આપવાને બદલે સોસાયટીના શોપીંગ સેન્ટરના પ્લાનની કોપી આપી ઈરાદાપૂર્વક માહિતી છુપાયેલ છે. આમ તેમને માંગેલ વિગતો જાહેર માહિતી અધિકારીએ આપેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને દિન–૩૦ ની અવધિ બાદ ૩૧ મે ના દિવસે માહિતી પત્ર લખાયેલ જણાય છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતીના આંશિક ઈન્કાર અંગે આરટીઆઈ કાયદાની કલમ ૮,૯,૧૧ પૈકીના કોઈ અપવાદ જણાવેલ નથી. તથા અરજદારની અપીલ પશ્ચાત અપીલની નકલ સહ જાહેર માહિતી અધિકારીને તેમનો પક્ષ રજૂ કરવા જણાવેલ. જેના અનુસંધાને કોઈ વિશેષ રજુઆત થયેલ નથી.

## *હુકમ*

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૨–૦૮ ની મૂળ અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ તથા ૪ ની વિગતો પુરી પાડવામાં આવેલ નથી. જયારે મુદ્દા નં.૨ અને ૩ અંગે માંગ્યા કરતાં અલગ નકલ આપ્યાનું અરજદારે જણાવેલ છે. તે ધ્યાને લેતાં સબંધિત ફાઈલનું દફતરી ઈન્સ્પેકશન દિન–૭ માં અરજદારને પુરું પાડવા તથા તે પૈકી મૂળ અરજીના પરિપ્રેક્ષ્યમાં અરજદાર માંગે તે નકલો આરટીઆઈના કાયદાની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ,***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) માનદમંત્રીશ્રી સ્નેહ સ્મૃતિ કો.ઓ.હા.સોસાયટી લી.,